ગાંધીનગર સમાચાર

ચકલી (ગૌરૈયા) બચાવો અભિયાન

ગામના ચૌરે ચી ચી કરતી ચકલી,
મીઠા મધુરા ગીત ગાતી ચકલી,
હરા ભરા વૃક્ષો પર ફુદકતી ચકલી.
હર પલ યાદો માં રહેતી ચકલી,
હું નાની બકુડી ચકલી,
મારું જીવન સંકટ માં છે.
હે માનવ મારી મદદ કરો,
હે માનવ મારી રક્ષા કરો.

એક સમય હતો કે જ્યારે ચકલી ની ચી ચી ના અવાજ થી લોકોની સવારની ઊંઘ ઊડી જતી હતી.

નહની અને પ્યારી ચકલીનો અવાજ આપણને સવાર થયા નો અહેસાસ કરાવતી આવી છે.

પરંતુ આજે આપણે ચકલીઓ ના આશિયાના ને ઉજાળી દીધા છે અથવા એમ કહીએ કે માનવ જાત ને ચકલી ની કોઈ ફીક જ નથી રહી આપણા જેમ આ ચકલી ઓ ના પણ ઘર હોય છે. આજે ચકલી નું અસ્તિત્વ અંધારામાં છે. ઘરની ચકલી કહેવાતી આ ચકલી માટે કોઈ ઘર જ નથી. હજારોની સંખ્યામાં રહેતી ચકલી આજ ગણી ચુની બચી છે પરંતુ લુપ્ત થતી ચકલીઓ ને બચાવવા રજનીશભાઈ પટેલ દ્વારા એક નવી પહેલ કરવામાં આવી છે.

ચકલી (ગૌરૈયા) બચાવો અભિયાન

ચકલી એક એવું પક્ષી છે જેને જોઈ ને આપણે બધા મોટા થયા છીએ. ઘર ના આગણામાં સવાર થી સાંજ સુધી ચી ચી કરતી હતી. આ ચકલી જેને જોઈને આપણું બચપણ વીત્યું તે આજે મુશ્કેલીથી જોઈ શકાય છે. ક્યાં ગાયબ થઈ ગઈ આ સ્ફૂર્તિલી ચકલી ? શું ચકલી ના ગાયબ થવા માં આપણે માણસો જવાબદાર છીએ ? પૌરાણિક માન્યતા ને આધારે ચકલી એક શુભ પક્ષી છે જે ઘર આંગણે ચકલી ચહ ચહાતી રહે ત્યાં સુખ સમૃધ્ધિ અને શાંતિ બની રહે છે. આવો આપણે સાથે મળીને ચકલી માનવ જીવન અને ખેડૂતો અને પર્યાવરણ માટે શુ ઉપયોગી છે એના વિશે ગહન અધ્યન કરીએ. ૨૦ માર્ચ ના દિવસ ને વિશ્વ ચકલી (ગૌરેયા) દિવસ તરીકે મનાવવામાં આવે છે જેથી કરીને લોકો આ પક્ષી ના બચાવ માટે જાગૃત થઈ શકે.

ચાલો, ખેડૂત ને સમૃદ્ધ બનાવીએ અને આરોગ્યપ્રદ ખોરાક મેળવીએ.

આજના આધુનિક સમયમાં ખેડૂતો માટે ખેતી ખર્ચાળ બની છે. અને ખેત પેદાશ ના ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. ખેડૂત ભાઈઓ ને કીટકો અને જીવ જંતુ થી પોતાના પાક ને

બચાવવા મોંઘા ભાવ ના કીટ નાશક અને જંતુનાશક દવાઓ નો ઉપયોગ કરવો પડે છે જેનાથી આપણા ખોરાક ઉપર દવાઓ ની ઝહેરી અસર થાય છે અને પર્યાવરણને પણ ભયંકર નુકશાન પહોંચાડે છે.

જેથી હવે સમય આવી ગયો છે કે આપણે આપણા પરંપરાગત અને નૈસર્ગિક સાધનો તરફ ધ્યાન કેન્દ્રિત કરીએ જે માનું એક છે ચકલી જેવા પક્ષીઓને બચાવીએ અને તેમના રહેવાની વ્યવસ્થા કરીએ.

આ પક્ષીઓનો મુખ્ય ખોરાક જીવ જંતુઓ છે અને ખેડૂતો ના પાક ને નુકસાનકારક કીટકો નો આહાર કરીને ચકલીઓ ખેડૂતો ના પાક ઉત્પાદન માં વધારો કરવા અને પર્યાવરણ બચાવવા માટે એક મહત્ત્વ નો ભાગ ભજવે છે તેનાથી માનવ જાત ને આરોગ્યપ્રદ ખોરાક મળશે. જેના માટે આપણા આસપાસ ની ખાલી પડેલી જગ્યા માં વૃક્ષો વાવીને પક્ષીઓ માટે રહેવા માટે ની ઉત્તમ સગવડ કરવાની જરૂર છે.

પર્યાવરણની સુરક્ષાને સમાજ ના રીત રિવાજ સાથે જોડો.

પર્યાવરણની જાળવણી માટે હવે માનવ જાતે કટિબદ્ધ થઈ ને કામ કરવાની જરૂર છે. પર્યાવરણ જાળવણી માટે હવે ફક્ત સરકારી રાહે કામ કરવું પૂરતું નથી એટલે જ સંપૂર્ણ માનવજાતે નૈતિક જવાબદારી સમજી પર્યાવરણની જાળવણી ની દીશા માં મહત્ત્વની ભૂમિકા ભજવવી પડશે.

(૧) આપણા ઘરે બાળક નો જન્મ થાય ત્યારે આપણા આનંદ નો પાર નથી રહેતો એવા સમયે આપણે હર્ષોલ્લાસ ની સાથે ચકલીના ઘર બનાવડાવવાનો સંકલ્પ કરીએ.

(૨) આપણા ઘરે ઉજવાતા જન્મ દિવસ, લગ્ન પ્રસંગ અને નાનાંમોટાં સામાજિક કૌટુંબિક પ્રસંગો સાથે ચકલીના ઘર બનાવડાવવાનો સંકલ્પ કરીએ.

(૩) જ્યારે પણ આપણા ઘરના ઉંમર લાયક સભ્યનું મૃત્યું થાય તો તેમની આત્માની શાંતી માટે આપણે અનેક કામ કરીએ છીએ તો પછી આપણે ચકલીના ઘર બનાવડાવવાનો સંકલ્પ કરીએ અને સાચા અર્થમાં શ્રદ્ધાજંલી અર્પણ કરીએ.

(૪) જ્યારે પણ સારી નૌકરી મળે નૌકરીમાં સારું પ્રમોશન મળે. ધંધા રોજગાર માં સારો ફાયદો થાય. આપણા જીવનમાં મળતી દરેક સફળતામાં ચકલીના ઘર બનાવડાવવાનો સંકલ્પ કરીએ.

પર્યાવરણ બચાવો?

આપણા પરિવાર માટે દુનિયા ની મોંઘાં માં મોંઘી વસ્તુઓ ખરીદી શકાય પરંતુ શુધ્ધ હવા માટે તો આપણે આપણી પૃથ્વી ને પ્રદુષણ થી બચાવવી પડશે તેથી એન કેન પ્રકારે આપણી આવનારી પેઢી માટે મદદરૂપ થઈ ને પર્યાવરણ ને બચાવવા માટે એક પ્રયાસ કરીએ.

આથી જ પર્યાવરણ અને વૃક્ષો અને પક્ષીઓની રક્ષા અને વિકાસ હેતુ Environment Care & Development Charitable Trust ની સ્થાપના કરવામાં આવી છે. પ્રકૃતિએ મનુષ્ય ને ઘણું બધું આપ્યું છે પરંતુ મનુષ્યએ પ્રકૃતિનો વિનાશ કરવામાં પાછું વળીને જોયું નથી તેથીજ હવે આપણી આવનારી પેઢી માટે એક પ્રદુષણ મુક્ત વિશ્વના નિર્માણ માટે સહયોગી થઈએ. ઉદાર હાથે તન, મન અને ધન થી Environment Care & Development Charitable Trus ને મદદરૂપ થવા વિનંતી.

ભારત દેશની આર્થિક સ્થિતિ મજબૂત કરવા અને પર્યાવરણ બચાવવાના હેતુથી ચકલી બચાવો અભિયાન ના સંદર્ભે ગાંધીનગર શહેરના મંદિરો અને જાહેર સ્થળોએ ચકલીના ઘર લગાવવાનું સેવા કાર્ય કરવામાં આવ્યું. જેથી દરેક જીવદયા પ્રેમીઓનો ચકલીના ઘર લગાવવા માટે મદદરૂપ થવા બદલ ખૂબ ખૂબ આભાર.

Email-id = Environmentcaredevelopment@gmail.com
Website = www.ecdctrust.com
Contact = 91069 36421
ICICI Bank
Name = Environment Care & Development Charitable Trust
A/c No = 354605000426
Branch = Panchwati, Kalol Branch
IFSC = ICIC0003546
MICR = 380229050

માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયોનલ ડેવલપમેન્ટ ઓથોરિટીના વહિવટી ભવનનું ઈ-લોકાર્પણ

માંડલ-બેચરાજી SIRનો સમગ્ર વિસ્તાર દેશમાં શ્રેષ્ઠ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપ્ડ સિટી તરીકે પ્રસ્થાપિત કરવાની નેમ વ્યકત કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ઓટોમોબાઈલ હબ તરીકે વિકસી રહેલા માંડલ બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન SIRના સમગ્ર વિસ્તારને ઈન્ડસ્ટ્રીયલ ડેવલપ્ડ સિટીના શ્રેષ્ઠ મોડેલ તરીકે દેશભરમાં પ્રસ્થાપિત કરવાની નેમ વ્યકત કરી છે.

મુખ્યમંત્રીએ અમદાવાદ જિલ્લાના ૮ અને મહેસાણાના ૧ એમ કુલ ૯ ગામોના વિસ્તારોને આવરી લેતા માંડલ-બહુચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનલ ડેવલપમેન્ટ ઓથોરિટીના રૂ. ૫૪૪ લાખના ખર્ચે હાંસલપૂરમાં નવનિર્મિત વહિવટી ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ ગાંધીનગરથી કર્યુ હતું.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, રૂ. ૨૦૦ કરોડના ખર્ચે અદ્યતન રોડ અને સુઆયોજિત વિકાસ માટે ટી.પી પણ ફાયનલ કરીને ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાઓ સાથે આ સમગ્ર SIR ક્ષેત્રને વિકાસની હરણફાળ ભરાવવાની આપણી મનસા છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે, વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૨માં આ વિસ્તારને SIR તરીકે ડેવલપ કરવાની દુરદર્શીતા દર્શાવીને જે પહેલ કરી હતી તે આજે ઓટોમોબાઈલ હબ તરીકે સફળતાપૂર્વક વિસ્તરી છે. મારૂતિ સુઝૂકી, હોન્ડા સહિત અનેક મોટરકાર ઉત્પાદકોએ પોતાના પ્લાન્ટ અહિ શરૂ કરવા માટે પસંદગી ઉતારી છે.

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે કહ્યું કે, ગુજરાતમાં નિર્ણાયક અને પારદર્શી સરકાર તરીકે કાર્યરત રહિને આપણે વિકાસની ગતિ ઝડપી થાય તેવો અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે વર્તમાન સ્થિતીમાં જે ઉદ્યોગો ચાયનાથી અન્યત્ર રિલોકેટ થવા ઈચ્છે છે તેમના માટે ભારત અને ખાસ કરીને ગુજરાત અને ગુજરાતમાંય વિશેષતઃ આ માંડલ બેચરાજી SIR શ્રેષ્ઠ વિકલ્પ બને તેવી બધી જ વ્યવસ્થાઓ આપણે ઊભી કરી રહ્યા છીયે.

આ માંડલ બેચરાજી SIR ઉપરાંત દહેજમાં PCPIR, ધોલેરામાં SIR વિકસાવ્યા છે. એટલું જ નહિ, અંકલેશ્વર, અમદાવાદ વગેરેમાં નવા ફાર્મા પાર્ક આવી રહ્યા છે અને ગુજરાત વાસ્તવિક રૂપમાં લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી બની વિકાસ સાથે રોજગારીના પણ નવા નવા અવસરો પૂરા પાડનારૂં અગ્રીમ રાજ્ય બન્યું છે એમ તેમણે ગૌરવ સહ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ ડેવલપમેન્ટ ઓથોરિટીનું આ નવું વિહવટીભવન માંડલ બેચરાજી SIRમાં સમાવિષ્ટ ૯ ગામો તથા ઉદ્યોગો માટે વિવિધ પરવાનગીઓ, મંજૂરીઓ, પ્રશ્નોના નિવારણની સ્થળ પર જ સુવિધા આપનારૂં બનશે અને જિલ્લા સ્તરે લોકોને આવવું નહિ પડે તેવી અપેક્ષા પણ આ વેળાએ વ્યકત કરી હતી.

મુખ્યમંત્રીનો મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો પ્રજાલક્ષી વધુ એક નિર્ણય

જમીન તકરારી નોંધની સૂનાવણી હવે સીધી પ્રાંત અધિકારી કક્ષાએ થઇ શકશે

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહેસૂલી પ્રક્રિયા સરળીકરણનો વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લઈને જમીન તકરારી નોંધની અપિલ સૂનાવણી હવે સીધી પ્રાંત અધિકારી કક્ષાએ કરવા અંગે આખરી-ફાયનલ મંજૂરી આપી છે. અગાઉ આવી તકરારી નોંધ જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨-૧૦૮ અન્વયે પહેલાં મામલતદાર કક્ષાએ સૂનાવણી હાથ ધરાયા બાદ પ્રાંત અધિકારી કક્ષાએ અને તે પછી કલેકટર સમક્ષ અપીલ કરવાની રહેતી હતી. વિજયભાઈ રૂપાણીએ હવે આ પ્રક્રિયાને વધુ સરળ બનાવતાં જુદા જુદા ત્રણ તબક્કે મહેસૂલી અધિકારીઓ સમક્ષ કરવાની થતી અપિલને સ્થાને માત્ર બે તબક્કે એટલે કે પ્રાંત અધિકારી અને કલેકટર કક્ષાએ કરવાનો પ્રજાહિતકારી અભિગમ અપનાવ્યો છે.રાજ્યના મહેસૂલ વિભાગે આ અંગેનું આખરી (ફાયનલ) જાહેરનામું જારી કર્યુ છે, હવે રાજ્યમાં આ પ્રક્રિયાનો અમલ શરૂ થશે. મુખ્યમંત્રીના આ નિર્ણયને પગલે હવે જમીન તકરારી નોંધ અંગે સમયમર્યાદામાં નિર્ણય થઈ શકશે અને બિનજરૂરી લીટીગેશન નિવારી શકાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે હક્કપત્રક એટલે ગામ નમુના નં.૬ જેમાં હક્ક સંપાદન થાય ત્યારે નોંધ કરવામાં આવે છે. સામાન્ય રીતે ૧૧ પ્રકારની નોંધ પાડવામાં આવે છે. આ પ્રકારની નોંધો અંગે નિર્ણય (પ્રમાણિત અથવા નામંજુર) કરવાની સત્તા નાયબ મામલતદારની છે. ઘણી બધી વખત જૂદા જૂદા કારણોસર હક્કપત્રકની નોંધોની નોટિસ આપવામાં આવે તે સમયે પક્ષકારો તરફથી કે ત્રાહિત પક્ષકાર તરફથી પણ વાંધો લેવામાં આવતો હોય છે. તેના કારણે હક્કપત્રકની નોંધો સમય મર્યાદામાં મંજૂર ન થવાથી હુકમની નોંધના કિસ્સાઓમાં રેકર્ડે અસર આવતાં ઘણો બધો સમય પસાર થઈ જાય છે. આ કારણે પક્ષકારને પ્રતિકૂળ અસર થવાની સંભાવના રહે છે. આમ, તકરારના કારણે નોંધની રેકર્ડે અસર લેવામાં વધુ ને વધુ વિલંબ થાય તે કારણે અરજદારને તેનો હક્ક સમયમર્યાદામાં ન મળવાથી સંતોષ થતો નથી તથા કેટલીક વખત બિનજરૂરી લીટીગેશનને પણ નોતરે છે.

મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગમાં જમીન મહેસૂલને સ્પર્શતી બાબતોમાં વિવિધ કાયદાઓ હેઠળ વખતોવખત તેમાં સુધારા, નિયમો, ઠરાવો-પરિપત્રો બહાર પાડીને મહેસૂલી વહીવટી પ્રક્રિયાઓને સરળ, પારદર્શી અને ઝડપી બનાવી છે. હવે, આ પ્રજાલક્ષી નિર્ણયને પરિણામે પડતર તકરારી અપિલોનો સત્વરે નિકાલ થઈ શકશે અને મહેસૂલ વિભાગની કામગીરીનો બોજ પણ ઓછો થશે.

ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દીની સારવારના દરમાં ઘટાડો

જનરલ વોર્ડમાં દાખલ થનારા કોરોનાના દર્દીઓ પાસેથી રોજના નવ હજારને બદલે ૮,૧૦૦ રુપિયા લઈ શકાશે

અમદાવાદ, તા. ૧૧

કોર્પોરેશન દ્વારા શહેરની ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર માટે દર્દીઓ પાસેથી લેવાતા દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. કોર્પોરેશન દ્વારા નક્કી કરાયેલા દરોનો અમલ ૧૨ ડિસેમ્બરથી શરુ થઈ જશે. અત્યારસુધી પ્રાઈવેટ હોસ્પિટલો વોર્ડમાં દાખલ થનારા દર્દીઓ પાસેથી રોજનો ૯ હજાર રુપિયા ચાર્જ વસૂલતી હતી, જે ઘટાડીને હવે ૮૧૦૦ રુપિયા કરાયો છે.

આ સિવાય હવેથી જે દર્દીઓ એચડીયુમાં એડમિટ થશે, તેમની પાસેથી હવે પ્રાઈવેટ હોસ્પિટલ્સ રુ. ૧૧,૩૦૦થી વધુનો દૈનિક ચાર્જ લઈ શકશે નહીં. જે દર્દીઓ આઈસીયુમાં હોય, પરંતુ વેન્ટિલેટર પર ના હોય તેમની પાસેથી રોજનો ૧૬,૨૦૦ રુપિયા ચાર્જ લઈ શકાશે. જ્યારે, આઈસીયુ વીથ વેન્ટિલેટરનો દૈનિક ચાર્જ રુ. ૧૯,૬૦૦ નક્કી કરવામાં આવ્યો છે, જે અગાઉ રુ. ૨૧,૮૫૦ હતો. આ ચાર્જ જે હોસ્પિટલોમાં કોર્પોરેશને પણ બેડ હસ્તગત કરેલા છે તેમના માટેના છે.

જે હોસ્પિટલોમાં માત્ર પ્રાઈવેટ બેડ પર કોરોનાની સારવાર અપાઈ રહી છે, તે હોસ્પિટલોને ઉપર દર્શાવ્યા કરતા પણ ઓછા ચાર્જ લેવાના રહેશે. જેમાં વોર્ડનો દૈનિક ચાર્જ રુ. ૭,૨૦૦, એચડીયુનો ૧૦ હજાર, વેન્ટિલેટર વિના આઈસીયુ માટે ૧૪,૪૦૦ અને વેન્ટિલેટર વીથ આઈસીયુ માટે રુ. ૧૭,૫૦૦નો ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે. આ ચાર્જમાં હોસ્પિટલ દ્વારા બે ટાઈમ જમવાનું અને નાસ્તો આપવાનો ચાર્જ પણ સામેલ છે. જ્યારે ડોક્ટરની ફી દર્દીએ અલગથી આપવાની રહે છે.

બીજી તરફ, કોર્પોરેશને જે બેડ હસ્તગત કરેલા છે તેના ચાર્જમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હાલ કોર્પોરેશન પોતાના હસ્તક રહેલા બેડ્સ માટે વોર્ડના રુ. ૪૫૦૦, એચડીયુના રુ. ૬૭૫૦, વેન્ટિલેટર વગરના આઈસીયુના રુ. ૯૦૦૦ અને વેન્ટિલેટર સાથેના આઈસીયુ માટે રુ. ૧૧,૨૫૦નો દૈનિક ચાર્જ ચૂકવે છે. આ સિવાય કોર્પોરેશને પોતાના ક્વોટાના બેડમાં પણ ઘટાડો કર્યો છે. અગાઉ આ સંખ્યા ૧૭૪૫ હતી, જે હવે ઘટાડીને ૧૪૨૯ કરાઈ છે. અગાઉ ૭૬ હોસ્પિટલોમાં કોર્પોરેશને બેડ હસ્તગત કર્યા હતા, જે હવે ઘટીને ૩૦ થઈ છે.

કોરોના ફેલાયો છે ત્યારથી અમદાવાદની મોટાભાગની ખાનગી હોસ્પિટલો પણ તેના પેશન્ટ્સની સારવાર કરી રહી છે. અગાઉ પ્રાઈવેટ હોસ્પિટલો તેના માટે તગડા ચાર્જ વસૂલતી હોવાની ફરિયાદો થતાં કોર્પોરેશન દ્વારા ફિક્સ ચાર્જ નક્કી કરાયા હતા, અને તેના બોર્ડ પણ હોસ્પિટલ આગળ મૂકાયા હતા, જેથી તમામ દર્દીઓ તેમજ તેમના સગાને પણ હોસ્પિટલમાં કોર્પોરેશનના જણાવ્યા અનુસાર ચાર્જ વસૂલાય છે કે નહીં તે ખબર પડી શકે.

હાટકેશ મંદિર વડનગરના મંત્રી ગજેન્દ્રભાઈ પટેલનું નિધન

ગાંધીનગર, તા. ૧૧

વડનગરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ખાસ મિત્ર અને વડનગર નદી ઓળ અર્જુનબારી કડવા પાટીદાર સમાજના વડીલ તેમજ હાટકેશ્વર

મહાદેવ મંદિરના ટ્રસ્ટી તેમજ નવીન સર્વ વિદ્યાલય સંસ્થાના પ્રમુખ એવા અગ્રણી સામાજિક કાર્યકર ગજેન્દ્રભાઈ સુખલાલ પટેલ (ગજુકાકા) નું વડનગર ખાતે બુધવારના રોજ નિધન થતા સમગ્ર વડનગર પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ખાસ નજીકના મિત્ર ગજુકાકાનું દુઃખદ અવસાન થવાથી ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. ગજુકાકાનું દુઃખદ અવસાન થવાથી ઊંઝા ધારાસભ્ય આશાબેન પટેલ અને સાંસદ શારદાબહેન પટેલે પણ દુઃખ વ્યકત કરીને ભગવાન પાસે તેમની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી. ઉપરાંત વડનગર નગરપાલિકાના નગરસેવક અને શહેર કોંગ્રેસ પ્રમુખ ગીરીશભાઈ પટેલે પણ તેમની આત્માને શાંતિ મળે તે માટે પ્રભુને અભ્યર્થના કરી હતી. વડનગરના સામાજિક કાર્યકર અને અગ્રણી ગજુકાકાનું નિધન થવાથી વડનગર શહેર પંથકમાં શોક ફેલાયો હતો.

જાણીતા વરિષ્ઠ સાહિત્યકાર હસુ યાજ્ઞિકનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૧

વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક, લોકસાહિત્યકાર, મધ્યકાલીન સાહિત્ય, આદિવાસી સાહિત્યના સર્જક હસુ યાજ્ઞિકનું ૮૩ વર્ષની વયે ટૂંકી બીમારી બાદ અમદાવાદ ખાતે એમના નિવાસસ્થાને તા. ૧૦ ડિસેમ્બર ગુરુવારના રોજ વહેલી સવારે દુઃખદ અવસાન થયેલ છે. જેના કારણે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ શોકની લાગણી અનુભવે છે. એમની પાછળ નયન યાજ્ઞિક, પૂર્વી યાજ્ઞિક, પરિધિ યાજ્ઞિક, યુવા એય્યાર, એસ. રામદાસ, સ્નેહા એય્યાર પરિવાર જનોને રડતા મૂકીને ગયા છે.એમની પાછળ બેસણું-લોકિક ક્રિયાઓ રાખી નથી.

આઈઆઈટી ગાંધીનગરના પીએચડી સ્કોલર્સે વિવિધ પ્લેટફોમ્સ પર સિદ્ધિ પ્રાપ્ત કરી

ગાંધીનગર, તા. ૧૧

સિદ્ધિઓની હારમાળા રચતાં, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)ના કુલ ૧૩ પીએચડી સ્કોલર્સ અને તાજેતરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ છેલ્લાં બે મહિનામાં જ વિવિધ પ્રતિષ્ઠિત એવોર્ડ અને ફેલોશિપ મેળવ્યા છે. આ વિદ્યાર્થીઓ તેમના ડોક્ટરલ અભ્યાસ માટે સંશોધનનાં વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

બાયોલોજિકલ એન્જિનિયરિંગના પીએચડી સ્કોલર રાજેશ હદિયાને પ્રતિષ્ઠિત SERB-CII પ્રધાનમંત્રી ફેલોશિપ માટે પસંદ કરવામાં આવ્યા છે. તે ભારત સરકારના સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ રીસર્ચ બોર્ડ (SERB) અને ભારતીય ઉદ્યોગ સંઘ (CII) ની એક ખૂબ જ સ્પર્ધાત્મક શિષ્યવૃત્તિ છે. તેનો ઉદ્દેશ યુવાન, પ્રતિભાશાળી, ઉત્સાહી અને પરિણામલક્ષી સ્કોલર્સને ઉદ્યોગ સંબંધિત સંશોધન માટે પ્રોત્સાહિત કરવાનો છે.

બીજી ગૌરવપૂર્ણ સિધ્ધિમાં, આઈઆઈટી ગાંધીનગરના કુલ છ પીએચડી વિદ્યાર્થીઓએ મે ૨૦૨૦ની પ્રતિષ્ઠિત પ્રધાનમંત્રી સંશોધન ફેલોશીપ મેળવી છે, જેમાં મિકેનિકલ એન્જિનિયરિંગના પ્રસન્ના કુલકર્ણી અને યોગેશ સિંઘ; ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાંથી આશિષ તિવારી, સચિનકુમાર સુથાર અને કૈલાશ પ્રસાદ; તથા ફિઝિક્સના રાજેસ ઘોષનો સમાવેશ થાય છે. નવીનીકરણ દ્વારા વિકાસની સ્વપ્રને સાકાર કરવા માટે આકરી પસંદગી પ્રક્રિયા પછી આ ફેલોશિપ સંશોધન માટે શ્રેષ્ઠ પ્રતિભાઓને તક આપે છે.

- પ્રતિષ્ઠિત પુરસ્કારો અને ફેલોશિપ માટે દસથી વધુ વિદ્યાર્થીઓ પસંદ થયા

આ સિદ્ધિઓને આગળ ધપાવતા, પીએચડીના વધુ બે વિદ્યાર્થીઓ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના ચંદન કુમાર ઝા અને બાયોલોજિકલ એન્જિનિયરિંગની નક્ષી દેસાઈએ આઈઆઈએમ અમદાવાદ ખાતે સેન્ટર ફોર ઈનોવેશન ઈક્યુબેશન એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ (સીઆઈઆઈઈ) તરફથી સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ગ્રાન્ટ ચેલેન્જ જીતી છે. ચંદનને આ ગ્રાન્ટ સ્ટ્રોકથી બચી ગયેલા લોકો માટે વર્ચુઅલ રિયાલિટી-આધારિત હેન્ડ રિહેબીલીટેશન અને એસેસમેન્ટ પ્લેટફોર્મ વિકસાવવા અંગેના તેમના કામ માટે મળી છે. જ્યારે નક્ષીએ આ ગ્રાન્ટ ખાસ કરીને પ્રોસ્ટેટ કેન્સરના રોગ નિદાન/પરીક્ષણ વિશેના તેના આઈડિયા માટે મેળવી છે. નક્ષીની પસંદગી યુનિવર્સિટી ઓફ ગોથેનબર્ગમાં ૯૦ દિવસના સમયગાળા માટે સંપૂર્ણ ફંડેડ ઈન્ટર્નશીપ માટે પણ કરવામાં આવી હતી.

તાજેતરમાં જ પીએચડી ના વધુ બે વિદ્યાર્થીઓ, કેમિસ્ટ્રી શાખાના જયદીપસિંહ ચાવડા અને અર્થ સાયન્સિસ શાખાના શાંતિ શ્વરૂપ મહતોની DST-INSPIRE ફેલોશિપ માટે પસંદગી કરવામાં આવી છે. બેઝિક અને એપ્લાઇડ સાયન્સિસમાં નામાંકિત ભારતીય સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાંથી પીએચડી કરવા માટે પ્રથમ ક્રમ મેળવેલા વિદ્યાર્થીઓને ડીએસટી પાંચ વર્ષની ''ઈનોવેશન ઈન સાયન્સ પર્સ્યુટ ફોર ઈન્સ્પાયર્ડ રીસર્ચ'' (INSPIRE) ફેલોશિપ પ્રદાન કરે છે.

જન્મદિને વધામણી

હંસાબેન જે ઘેડીયા
મો. ૯૭૨૩૮ ૪૪૧૦૦

કાવ્યા છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮

યુવરાજ પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫ ૫૭૨૩૩

માસ્ક પહેરો...
સ્વસ્થ રહો...